# મહે.શ્રી વાંકાનેર ના એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,મું.વાંકાનેર

**ફો. કેસ નં.–૨૧૨/૨૦૨૬**
**આંક –**

**ફરીયાદી**
શ્રી સરકાર વતી શ્રી એમ.પી.જોષી,
સરકારી શ્રમ અધિકારી અને સમાન વેતન અધિનીયમ હેઠળ નિરીક્ષક,
મદદનીશ શ્રમ આયુકતની કચેરી,મોરબી, પહેલો માળ, રૂમ નં.૧૩૨,
સેવા સદન, લાલબાગ, સામાકાંઠે, મોરબી.

**વિરૂધ્ધ**

**આરોપી.**
(૧) શ્રી પ્રદિપભાઈ છગનભાઈ દલસાણીયા (ભાગીદાર)
કે/ઓફ રૈનબો ફેબપેક એલ.એલ.પી.
સર્વે નં.–૧૬૬/૧, ૧૬૬/૨, રંગપુર બસ સ્ટેશન પાછળ,
રંગપુર, તા.વાંકાનેર, જી.મોરબી–૩૬૩૬૨૧
(૨) રૈનબો ફેબપેક એલ.એલ.પી.
સર્વે નં.–૧૬૬/૧, ૧૬૬/૨, રંગપુર બસ સ્ટેશન પાછળ,
રંગપુર, તા.વાંકાનેર, જી.મોરબી–૩૬૩૬૨૧

**ગુન્હો:–**<u>**સમાન વેતન અધિનિયમ–૧૯૬૫ તથા સમાન વેતન નિયમ ૧૯૭૬ અન્વયે કલમ ૮ સાથે વાંચતા નિયમ ૬ ના ભંગ અંગેની છે જે કલમ ૧૦ અને ૧૧ અનુસાર શિક્ષાને પાત્ર ગુન્હા મુજબ...**</u>

## :: ચુકાદો ::

૧. આ કામના આરોપી સામે ફરીયાદ પક્ષના કેસ મુજબ તા.૧૬/૦૪/૨૦૨૫ ના રોજ આરોપી સંસ્થાની મુલાકાત માં માલુમ પડેલ હતુ કે, આરોપીએ સમાન વેતન અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૮ સાથે વાંચતા નિયમ – ૬ અનુસાર રાખવા/રજુ કરવા/બતાવવા જરૂરી છે તે રેકર્ડઝ અને રજીસ્ટરો રાખવામાં / રજુ કરવામાં / બતાવવામાં ચૂક કરી છે.

૨. તપાસ સમયે માંગવા છતાં સંસ્થામાં કામ કરતા શ્રમયોગીઓનું વિગત દર્શાવતુ પત્રક નમુના નં. ડી રજુ કરેલ નથી. આથી કલમ –૮ સાથે વાંચતા નિયમ – ૬ નો ભંગ કરેલ છે.

૩. આથી સમાન વેતન અધિનિયમ–૧૯૬૫ તથા સમાન વેતન નિયમ ૧૯૭૬ અન્વયે કલમ ૮ સાથે વાંચતા નિયમ ૬ ના ભંગ અંગેની છે જે કલમ ૧૦ અને ૧૧ અનુસાર શિક્ષાને પાત્ર ગુન્હાની અત્રેની કોર્ટ માં લેખિત ફરીયાદ કરેલ છે.

૪. ફરીયાદના આધારે આરોપીને સમન્સ કરી આરોપી હાજર થતા આ કામના આરોપીને બી.એન.એસ.એસ. ની જોગવાય અન્વયે કેસ પેપર્સની નકલ પુરી પાડવામાં આવેલ અને આંક–૫ અને ૬ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા જેમાં આરોપીઓ સ્વેચ્છાએ પોતાનો ગુન્હો કબુલ કરતા હોય અને આ કામના આરોપીએ આંક–૪ થી ગુન્હા ની કબુલાત પુરશીશ રજુ કરેલ છે. તે ઘ્યાને લેતા,તેમાં તેમણે ભવિષ્યમાં ગુન્હો નહીં બને તેની ખાત્રી આપી છે, તેથી આરોપીની ગુન્હા કબુલાત સાચી અને સ્વેચ્છીક હોય નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીનો આ પ્રથમ ગુન્હો છે, અને થયેલ ગુન્હા બદલ પસ્તાવો પ્રગટ કરે છે. તેથી આ કામના આરોપીની ગુન્હા કબુલાતના આધારે જ તેઓ તકસીરવાન ઠરતા હોય, પરંતું તેમણે આજ રોજ લોક અદાલત સમક્ષ તેમનો ગુન્હો કબુલ કરતા હોય, નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

**<u>–:: હુકમ ::–</u>**

– પ્રત્યેક આરોપીને બી.એન.એસ.એસ. ની કલમ ૨૭૫ અન્વયે **<u>સમાન વેતન અધિનિયમ–૧૯૬૫ તથા સમાન વેતન નિયમ ૧૯૭૬ અન્વયે કલમ ૮ સાથે વાંચતા નિયમ ૬ ના ભંગ અંગેની છે જે કલમ ૧૦ અને ૧૧ અનુસાર શિક્ષાને પાત્ર</u>** હોય જેથી મુજબ **<u>પ્રત્યેક આરોપીને કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂ.૫,૦૦૦/– એમ કુલ રૂા.૧૦,૦૦૦/– (રૂપિયા દસ હજાર પુરા)</u>** નો દંડ કરવામાં આવે છે. જો આરોપી દંડની રકમ જમા કરાવવામાં કસુર કરે તો દિન–૧૦ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

– હુકમની એક નકલ આરોપીને વિના મુલ્યે પુરી પાડવી.

સ્થળ : વાંકાનેર.
તા.: ૧૪–૦૩–૨૦૨૬
**સ્પે.સીટીંગ લોકઅદાલત**

**(વી.એસ.ઠાકોર)**
**(Code No. GJ01224)**
એડી. ચીફ જયુડી. મેજી.–વાંકાનેર